# શોધયાત્રા-૪૨

**નીલપર (તા. રાપર, જિ. કચ્છ) થી દૂધઈ (તા. અંજાર, જિ. કચ્છ)**

**તારીખ : ૧૯-૦૮-૨૦૧૮ થી ૨૫-૦૮-૨૦૧૮ સુધી**

અમદાવાદ સ્થિત સૃષ્ટિ સંસ્થા શિયાળા અને ઉનાળામાં એમ વર્ષમાં બે વાર પદયાત્રાનું આયોજન કરે છે, જે 'શોધયાત્રા'ના નામથી પ્રચલિત છે. આ શોધયાત્રા એ ચાલતાં-ચાલતાં શીખવાની એક યાત્રા છે. જેમાં યાત્રીઓ સ્થાનિક ગ્રામજનો, પ્રકૃત્તિ અને સાથી શોધયાત્રીઓ પાસેથી અરસપરસ શીખતા હોય છે. અહીં સૌ શીખવાની ભાવના સાથે સ્વેચ્છાએ સ્વખર્ચે જોડાય છે. સૃષ્ટિ સંસ્થાનું મુખ્ય કામ એ છે કે જે લોકોએ પોતાની રોજીંદી સમસ્યાઓમાં આપમેળે ઉકેલ શોધ્યો હોય તેઓને શોધીને સન્માનીત કરવા, તેઓની શોધમાં સંવર્ધન કરી બૌદ્ધિક પ્રતિભાના અધિકારોનું રક્ષણ કરવાની સાથે તેનો પ્રસાર કરવો. જે-તે પ્રદેશમાં રહેલ વિશિષ્ટ પરંપરાગત જ્ઞાન લોકો પાસેથી જાણવું, શીખવું, સ્થાનિક વનસ્પતિઓના સંવર્ધન માટેના પ્રયત્નો કરવા. ટૂંકમાં કહીએ તો લોકો પાસે રહેલ કોઠાસૂઝ જ્ઞાનને જાણવા-શીખવા, સમજવા અને સન્માનવા માટેની આ અનોખી યાત્રા છે. શોધયાત્રા એ કોઇ પ્રોજેક્ટની પ્રવૃત્તિ નથી આ એક સ્વૈચ્છિક પ્રવૃત્તિ/આંદોલન છે. જેમાં ભાગ લેવા માટે એક જ માપદંડ છે અને એ છે નવું નવું જાણવાની ઉત્સુક્તા!

**શોધયાત્રામાં શું કરીશું:**

(૧) સ્થાનિક લોકોની કોઠાસૂઝને જાણીને સન્માનિત કરીશું.

(૨) શાળાના બાળકો અને ગ્રામીણ મહિલાઓમાં જૈવિક વિવિધતા પ્રત્યે જિજ્ઞાસા કેળવાય તે માટે વાનસ્પતિક વિવિધતા હરીફાઈ અને અપ્રચલિત અથવા વીસરાતી વાનગીઓની હરીફાઈનું આયોજન કરીશું.

(૩) ગામે-ગામ સ્થાનિક ગ્રામજનો સાથે મિટીંગ થશે અને અહીંની સ્થાનિક સમસ્યાઓ જાણવાનો પ્રયત્ન કરીશું. સૃષ્ટિના જ્ઞાનકોષમાં રહેલ પદ્ધતિઓ અને સંશોધનો જો તેઓને ઉપયોગી હશે તો અહીં ગ્રામજનો સમક્ષ રજૂ પણ કરવામાં આવશે. અર્થાત વણઉકેલાયેલ તકનીકી સમસ્યાઓને સમજી તેને ઉકેલવાની દિશામાં ચિંતન-મનન કરીશું.

(૪) સ્થાનિક પરંપરાગત જ્ઞાનધારકો, શતાયુ મહિલાઓ, સ્થાનિક વૈદ્યો, સ્થાનિક કારીગરો, ગ્રામીણ સંશોધકો, અને જળ-જમીન-જંગલ સંરક્ષણમાં આપમેળે કરેલ વિશિષ્ટ પ્રયત્નોને સમજી તેઓનું ગામેગામ બહુમાન કરવામાં સહભાગી બનીશું.

(૫) ગામેગામ સ્થાનિક જ્ઞાન અને વાનસ્પતિક વિવિધતાનું ગ્રામીણ જ્ઞાન રજીસ્ટર (જ્ઞાન બેન્ક) બને તે માટે પ્રયત્નો કરવામાં આવશે.

(૬) આ વિસ્તારની દેશી જાતો અને જૈવિક વિવિધતાનું સંવર્ધન થાય તે માટે પ્રયત્ન કરીશું.

(૭) બિનખર્ચાળ અને બિનરાસાયણિક ખેતી પદ્ધતિઓનો પ્રચાર-પ્રસાર કરીશું.

# નોંધણી પત્રક

# શોધયાત્રા-૪૨

**નીલપર (તા. રાપર, જિ. કચ્છ) થી દૂધઈ (તા. અંજાર, જિ. કચ્છ)**

**તારીખ : ૧૯-૦૮-૨૦૧૮ થી ૨૫-૦૮-૨૦૧૮ સુધી**

**(નોંધ - આ સાથે પાસપોર્ટ સાઈઝના ત્રણ ફોટો, ઓળખનો પુરાવો આપવો જરૂરી છે.)**

**ભાગ લેનારનું પૂરું નામ:**..........................................................................................

**પૂરું સરનામું:**..........................................................................................................

.....................................................................................................................

**પીન:**......................... **ફોન:**............................... **મોબાઇલ**..............................
**ઈમેલ:**......................................................................................................

**ઉંમર:**..................... **સ્વાસ્થ્ય સંબધી કોઈ સમસ્યા** ..............................................

**વ્યવસાય:**............................................**હોદ્દો**.............................................

**રસનો વિષય:**. ............................................................................................

**શોધયાત્રાની માહિતી ક્યાંથી મળી ?** ..............................................................

**શોધયાત્રામાંથી શું શીખવા/જાણવાની અપેક્ષા રાખો છો?**...........................................

.....................................................................................................................

.....................................................................................................................

**તમે અન્ય શોધયાત્રીને ક્યુ જ્ઞાન/આવડત શીખવવા ઉત્સુક છે?**........................................

.....................................................................................................................

.....................................................................................................................

**તમે કોઈ સંશોધક/પરંપરાગત જ્ઞાનધારકને શોધ્યા છે? જો હા તો તેની વિગત જણાવો. (દરેક યાત્રીએ શોધયાત્રામાં જોડાતા પહેલાં સ્થાનિક વિસ્તારમાંથી પાંચ સંશોધકો શોધી અભ્યાસ/નોંધ મોકલવી ફરજિયાત છે)**........................................................................................................

.....................................................................................................................

**તમે લોકસરવાણી(ગુજરાતી)/સૂઝબૂઝ આસપાસ કી(હિન્દી)/હનીબી(અંગ્રેજી) પૈકી કોઇ એક સામયિકના વાચક છો? હા....... ના.........**

*(જો આપે આ સામયિકોના વાચક ન હોય તો લવાજમ ભરી યાત્રામાં જોડાતા પૂર્વે ઓછામાં ઓછા ત્રણ અંકનો અભ્યાસ જરૂર કરશો જેથી સૃષ્ટિના ઉદ્દેશો અને વિચારધારાને સમજી શકો.)*

**સૃષ્ટિ ઇન્નોવેશન અને હનીબી નેટવર્કની વિચારધારાને ફેલાવવા માટે તમે શું યોગદાન આપશો?**

.......................................................................................................................

.......................................................................................................................

.......................................................................................................................

.......................................................................................................................

**રજીસ્ટ્રેશનના નાણા ભરવાની વિગત**

| વિગત | રૂપિયા | ડિમાન્ડ ડ્રાફટ/મનીઓર્ડર/ચેક/રોકડા/ઓનલાઈન |
|---|---|---|
| નાના ખેડૂતો, માલધારીઓ, કારીગરો, ગ્રામીણ સંશોધકો | રૂ. ૩૦૦૦/- | |
| વિદ્યાર્થીઓ, શિક્ષકો, વેપારીઓ, પેન્શનધારકો અને નોકરીયાતો | રૂ. ૫૦૦૦/- | |
| એન.આર.આઇ અને વિદેશી નાગરીકો | રૂ. ૧૦૦૦૦/- | |

**શોધયાત્રામાં પસંદગી પામેલ વ્યક્તિને રજીસ્ટ્રેશન ફી ભરવાની વિગત અને તારીખ સંસ્થા દ્વારા જણાવવામાં આવશે.**

**શોધયાત્રા અંગેની તમામ અગત્યની સૂચનાઓ મેં વાંચી છે, સમજી છે. હું શોધયાત્રામાં ચાલવા માટે શારીરિક રીતે સક્ષમ છું અને મારૂ નામ સ્વેચ્છાએ નોંધાવું છું. શોધયાત્રી તરીકે મારો સમાવેશ કરવા માટે હું આપને વિનંતી કરૂં છું.**

______________________

**શોધયાત્રામાં જોડાનાર સભ્યની સહી**

**તારીખ :........................** **સ્થળ : ...................................**